

ગાંધીનગર મહાનગર પાલિકાના ભાજપના ૪૧ ઉમેદવારો દ્વારા એક સરખો ખર્ચ બતાવ્યો છે. તે મુદ્દે આમ આદમી પાર્ટી ગાંધીનગર દ્વારા નિષ્પક્ષ તપાસ થાય અને કાર્યવાહી થાય તે માટે ઈલેકશન કમિટી અને જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.

# પ્રાઈઝ વોટર હાઉસ કૂપર્સે ગિફ્ટ સિટીમાં સહાયક સર્વિસ પ્રોવાઈડર તરીકે બિઝનેશ શરૂ કર્યો

## આઇએફએસસીમાં યુનિટ્સમાં બે ઇન્ટરનેશનલ એક્સચેન્જ સામેલ છે, જેમનું સરેરાશ દૈનિક ટ્રેડિંગ વોલ્યુમ ૧૪ અબજ યુએસ ડોલરથી વધુ છે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી) ખાતે આજે પ્રાઈઝ વોટર હાઉસ કૂપર્સ ઈન્ટરનેશનલ લિમિટેડ **(PW & Co LLP)**ની સદસ્ય કંપની **PW & Co LLP** એ તેના કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું છે.

આ કંપનીને ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (ગિફ્ટ સિટી)માં સહાયક સર્વિસ પ્રોવાઈડર કરીકે કામગીરી કરવાનું લાઈસન્સ આપવામાં આવ્યું છે. તેની ઓફિસ ટેકસ અને રેગ્યુલેટરી ક્ષેત્રે ગિફ્ટ સિટીમાં સૌથી મોટા સેટ-અપ પૈકીની એક રહેશે, જે આઈએફએસસીમાં ઉપસ્થિતિ સ્થાપવાનો ઉદ્દેશ્ય ધરાવતી કંપનીઓને સેવાઓ પ્રદાન કરશે.

ગિફ્ટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ તપન રે એ કહ્યું હતું કે ભારતના સૌથી ઝડપી વૃદ્ધિ સાધતા ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર તરીકે ઉભરતી ફાઈનાન્સિયલ સર્વિસિસ ઈકોસિસ્ટમનો સંપૂર્ણ લાભ લેવો જોઈએ. ગિફ્ટ સિટી આઈએફએસસી ખાતે પીડબલ્યુસી જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની ઉપસ્થિતિથી વિશ્વાસ છે કે બીજી મોટી કંપનીઓ પણ આવશે.

સેવી ગ્રૂપના ગ્રૂપ સીએમડી જક્ષય શાહે કહ્યું હતું કે અમે ગિફ્ટ સિટીમાં અમારા ઓફિસ ટાવર પ્રજ્ઞા ખાતે **PW & Co LLP** ની યજમાની કરતાં ઉત્સાહિત છીએ. આ ટાવરમાં ઉપસ્થિતિ ધરાવતી વૈશ્વિક સંસ્થાઓ તરફથી અમે ખૂબજ સારો પ્રતિસાદ હાંસલ કર્યો છે, જે હવે લગભર ભરાઈ ગયો છે. ગિફ્ટ સિટીમાં વૈશ્વિક અને ભારતીય કંપનીઓની સતત વધતી માગને જોતાં અમે ટૂંક સમયમાં વધારાના કમર્શિયલ અને રેસિડેન્શિયલ ટાવર્સ વિકસાવવાની કામગીરી શરૂ કરીશું.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગિફ્ટ સિટીએ બિઝનેસ ટ્રાન્ઝેક્શન તથા ઘરેલુ અને વૈશ્વિક કંપનીઓની ઉપસ્થિતિ બાબતે જબરદસ્ત વૃદ્ધિ સાધી છે. આઈએફએસસીમાં યુનિટ્સમાં બે ઈન્ટરનેશનલ એકસચેન્જ સામેલ છે, જેમનું સરેરાશ દૈનિક ટ્રેડિંગ વોલ્યુમ ૧૪ અબજ યુએસ ડોલરથી વધુ છે. આઈએફએસસી બેંકિંગ યુનિટ્સમાં ઘરેલુ અને વિદેશી બેંકો એસેટ સાઈડ ૨૨ અબજ યુએસ ડોલર તથા બ્રોકર્સ, ડિપોઝિટરી, કેપિટલ માર્કેટ ઈન્ટરમિડિએટ્સ, ઈન્સ્યોરર્સ અને સહયોગી સર્વિસ પ્રોવાઈડર સામેલ છે.

# ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા ઈનોવેશન સંકુલ દિવસની ઉજવણી

## શ્રેષ્ઠ ૩૫ ઈનોવેટર્સના સ્ટાર્ટઅપને ઓવોર્ડ આપીને સન્માનવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓની ટેકનીકલ સ્કીલ, સ્ટાર્ટઅપ તથા ઈનોવેશન જેવી પ્રવૃત્તીને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૪મી ફેબ્રુઆરીના રોજ પર્યાવરણ મંદિર, નરોડા ખાતે સંકુલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઈનોવેટ ટુ ઈમ્પેક્ટ, આઈ-સ્કેલ, પેડાગોજીકલ ઈનોવેશન અને સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ જેવી ૪ કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા સહકાર રાજયમંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વિદ્યાર્થીઓને સંબોધતાં કહ્યું કે સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીઝમાં પણ અનેક પ્રકારના ઈનોવેશનની જરૂરીયાત છે. જીટીયુના વિદ્યાર્થીઓ આ પ્રકારના ઈનોવેશનમાં ભાગ લઈને આત્મનિર્ભર ભારત અભિયાનને વેગવંતુ બનાવશે.



જીટીયુના કુલપતિ પ્રો. ડૉ. નવીન શેઠે આ પ્રસંગે જણાવ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ૫ ટ્રીલિયન ઈકોનોમીના લક્ષ્યને હાંસલ કરવા માટે સ્ટાર્ટઅપનો ફાળો વિશેષ રહશે. જીટીયુ હંમેશા સ્ટાર્ટઅપકર્તાને મદદરૂપ થવા માટે કાર્યરત રહશે.

અતિથિ વિશેષ સ્થાને એશિયન ગ્રેનીટોના ચેરમેન કમલેશભાઈ પટેલ, સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોર્શિપ ડેવલોપમેન્ટના ડિરેક્ટર ડૉ. રામનાથ પ્રસાદ, એમ.એસ. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. વિ.કે શ્રીવાસ્તવ, કુલસચિવ ડૉ. કે.એન. ખેર તથા જીટીયુ જીઆઈસીના ડિરેક્ટર ડૉ. સંજય ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

વર્ષ ૨૦૧૧થી જીટીયુ દ્વારા સંકુલ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમાં પ્રખ્યાત નિષ્ણાતોના હસ્તે ઈનોવેશન ક્ષેત્રમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપનાર વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટીને એવોર્ડ આપીને સન્માનવામાં આવે છે. ''ઈનોવેટ ટુ ઈમ્પેક્ટ'' એવોર્ડ્સની કેટેગરીમાં ૯ વિદ્યાર્થીઓના એવોર્ડ આપવામાં આવ્યા હતા.

## ચિલોડા ગ્રામ પંચાયતની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલે મુલાકાત લીધી

ગાંધીનગર જિલ્લાનું મુખ્ય જંકશન ગણાતુ વિકસતુ ચિલોડા મોટા દિનપ્રતિદિન વિકાસના સોપાનો સર કરી રહ્યું છે. સૌનું આકર્ષણ કેન્દ્ર સમા ચિલોડા ગામ હવે મીની શહેર તરીકે પંકાયેલુ છે. ત્યારે રાજકીય કેન્દ્ર સમા ચિલોડા ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ભાજપ સમર્પિત સરપંચનો વિજય થતાં વિકાસના દ્વાર વધુ વેગવંત બનશે તેવો આશાવાદના સંકેતો મળી રહ્યા છે. ત્યારે વિકાસલક્ષી કાર્યોના પ્રથમ ચરણમાં મેતલાવડીથી દહેગામને જોડતો દોઢ કિ.મી. કાચા રસ્તાનું પાકા રસ્તો બનાવવા ૭૮ લાખની માતબર રકમ દ્વારા ધારાસભ્ય શંભુજી ઠાકોરના હસ્તે નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત હાથ ધરાયુ હતુ. ત્યારબાદ ઈસનપુર રોડ સ્થિત ઉમિયાનગર સોસાયટીમાં નવીન ગટર લાઈનનું નિર્માણકાર્યનું ખાતમુહૂર્ત કરી કામગીરી આરંભાઈ ચુકી છે. ગાંધીનગર મહાનગર પાલિકાના સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલ તથા ક્ષત્રિય ઠાકોર સેનાના જિલ્લા પ્રમુખ ગોવિંદજી સોલંકી તથા ગામના અગ્રણી જયમીનભાઈ પટેલે બેઠક યોજી ગામ વિકાસના કાર્યો તેમજ પંચાયત ઘર સામે આવેલ વિશાળ ગામ તળાવની મુલાકાત લીધી હતી.

# સલામત સવારીના રીપેરીંગ માટે ડેપોમાં કુલ ૩૬ મિકેનીક સામે ૧૫ની ઘટ યથાવત

## બસોના યોગ્ય સંચાલન માટે ૨૦૨ ડ્રાઇવર : ડ્રાઇવરની ઘટનો પ્રશ્ન હલ થયો પરંતુ મિકેનિકની ઘટ હજુ યથાવત

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાની સાથે મેનપાવરનો પણ અભાવ છે. એસ ટી માં વારંવાર ડ્રાઈવર કંડકટરની ઘટનો પ્રશ્ન સામે આવે છે. જો કે થોડા સમય અગાઉ ડેપોમાં કન્ડકટરની ભરતી કરવામાં આવી હતી આમછતા હાલમાં પણ ઘટનો પ્રશ્ન યથાવત છે. જયોર એસ ટી ડેપોમાં સલામત સવારીના રીપેરીંગ તેમજ જાળવણી માટે મિકેનિકની ઘટનો પ્રશ્ન પણ જુનો છે. જો કે લાંબા સમયના અંતે પણ હજુ એસ ટી ડેપોમાં ૧૫ મિકેનિકની ઘટ યથાવત છે. જયારે આ મામલે ટુંકમાં ઘટનો પ્રશ્ન હલ થાય તેવી લાગણી પણ પ્રબળ બની છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં રોજબરોજ હજારો મુસાફરોની અવરજવર જોવા મળે છે. જયારે એસ ટી ડેપો દ્વારા ગાંધીનગર અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવા સહીત અન્ય રૂટમાં પણ બસો દોડવામાં આવે છે. આ ઉપરાંત લગ્ન વર્ધિ ધાર્મિક પ્રસંગો ઉપરાંત સરકારી કાર્યક્રમોમાં પણ એસ ટીની બસો ફાળવવામાં આવે છે. આ વેળાએ શહેરી બસ સેવાનુ સંચાલન ખોરવાઈ જાય છે. ગાંધીનર ડેપોની પ્રતિદિન અંદાજિત રૂ ૫.૫૦ લાખની આવક છે જેમાં વિદ્યાર્થી અને મુસાફર પાસ યોજના અન્વયે પણ એસ ટી ડેપોને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. લગ્નવર્ધિની આવક પણ વિશેષ છે. ત્યારે એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતી માટે કોઈ પગલા લેવાતા નથી પોલીસ ચોકી પણ કાર્યરત નથી ત્યારે સી સી કેમેરા પણ વારંવાર બંધ થઈ જાય છે. એસ ટી ડેપોમાં મુસાફરોને સુવિધા પુરી પાડવા માટે પણ આયોજન કરવામાં આવતુ નથી બીજીતરફ ગાંધીનગર ડેપોમાં પુરતા મેનપાવરનો પણ અભાવ છે. લાંબા સમયથી ડ્રાઈવર કંન્ડકટરની ઘટ સાથે મિકેનીકની ઘટનો પ્રશ્ન પણ હલ થતો નથી ડેપોના સુત્રોમાંથી મળતી માહીતી મુજબ ગાંધીનગર ડેપોમાં અંદાજિત ૧૫ મિકેનીકની ઘટ છે. જયારે હાલ ડેપોમાંથી સંચાલન થતી અંદાજિત ૮૪ જેટલી બસોની જાળવણી કરવા માટે કુલ ૩૬ મિકેનીક છે. એસ ટી ના વર્કશોપમાં મિકેનીકની ઘટનો પ્રશ્ન હલ કરવા માટે અગાઉ ડેપો કક્ષાએથી નિગમને રજુઆત પણ કરવામાં આવી હતી આ ઉપરાંત ગાંધીનગર ડેપોમાં હાલની સ્થિતિએ સલામત સવારીને અનુલક્ષી ૨૦૨ જેટલા ડ્રાઈવરો ફરજ નિભાવે છે.

# જયપુર પાસે અકસ્માતમાં ભાવનગર પોલીસના ચાર કોન્સ્ટેબલના મોત

## ભરતનગર પોલીસ સ્ટેશનની ટીમ આરોપીની તપાસ માટે ત્રણ દિવસ પહેલા ગઈ હતી અને આજે ટીમ આરોપી સાથે પરત ફરી રહી હતી

અમદાવાદ,તા.૧૫

એક રોડ અકસ્માતની ઘટનાના કારણે ગુજરાત પોલીસ બેડામાં શોકનો માહોલ છવાયો છે. ભાવનગર પોલીસની ટીમ આરોપીને લઈને દિલ્હી-જયપુર હાઈવે પરથી ગુજરાત આવી રહી હતી ત્યારે રોડ અકસ્માતની ઘટના બની હતી, જેમાં પાંચના મોત થયા છે. જેમાં ચાર પોલીસ કોન્ટેબલના મોત થયા છે. આ પોલીસ કોન્ટેબલની ટીમ એક આરોપીને લઈને ભાવનગર આવી રહી હતી ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. આ બનાવની જાણ થતાં ગુજરાત પોલીસના અધિકારીઓ ઘટના સ્થળ પર જવા માટે રવાના થયા હોવાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે, આ અકસ્માત કઈ રીતે સર્જાયો તે અંગે પણ ગુજરાત પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી શકે છે. મળતી વિગતો પ્રમાણે દિલ્હી-જયપુર હાઈવે પર થયેલા રોડ અકસ્માતમાં ગુજરાત પોલીસના ચાર પોલીસકર્મી સહિત પાંચના મોત થયા છે.

આ અકસ્માત જયપુરના શાહપુર પાસે સર્જાયો હોવાની વિગતો સામે આવી રહી છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સમાં એવી માહિતી સામે આવી રહી છે કે ભરતનગર પોલીસ સ્ટેશનની ટીમ આરોપીની તપાસ માટે ત્રણ દિવસ પહેલા ગઈ હતી અને આજે ટીમ આરોપી સાથે પરત ફરી રહી હતી ત્યારે રસ્તામાં ગંભીર અકસ્માતની ઘટના બની છે. બનાવની જાણ થતા ભાવનગરના પોલીસ બેડામાં શોકનો માહોલ સર્જાઈ ગયો છે. બનાવ અંગે કોન્સ્ટેબલોના પરિવારને જાણ કરી દેવામાં આવી છે.

આ સાથે અકસ્માતનું કારણ શું છે તે અંગે પણ તપાસ કરવામાં આવશે. કયા ગુનાના આરોપીને ભાવનગર લાવવાની તજવીજ હાથ ધરવામાં આવી રહી હતી તે અંગે હજુ સુધી કોઈ વિગતો સામે આવી નથી. અકસ્માત અંગે સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવી શકે છે. આ અકસ્માતની ઘટના કઈ રીતે સર્જાઈ તે અંગે પણ ગુજરાત પોલીસ દ્વારા રાજસ્થાનમાં જઈને તપાસ હાથ ધરવામાં આવી શકે છે. આ બનાવ અંગે પોલસ દ્વારા પ્રેસકોન્ફરન્સમાં વધારાની વિગતો જણાવવામાં આવી શકે છે.

## મહિલાનાં પેટમાંથી ૪૭ કિલોની ગાંઠ કાઢવામાં આવી

અમદાવાદ,તા.૧૫

શહેરની પ્રાઈવેટ હોસ્પિટલના ડોકટરોની ટીમે ૪ કલાકની સર્જરી બાદ એક સફળ ઓપરેશનને અંજામ આપ્યું છે. ૫૬ વર્ષીય એક મહિલાના પેટમાંથી કોળા જેટલી મોટી ગાંઠ કાઢવાની સફળ સર્જરી કરવામાં આવી છે. આ ગાંઠનું વજન ૪૭ કિલો હતું. ઓપરેશનમાં મહિલાનાં શરીરમાંથી લગભગ ૭ કિલો ચરબી પણ દૂર કરવામાં આવી છે. આ સાથે જ સર્જરી બાદ મહિલાનું વજન ૪૯ કિલો થયું છે. ગાંઠને લીધે કિડની, હૃદય અને ફેફસાં પર દબાણ આવતું હતું. જેથીઆ સર્જરી ઘણી જ જટીલ બની ગઈ હતી.

# કૌશલ્યા - ધ સ્કીલ યુનિવર્સિટી દ્વારા કલાઉડ ટેકનોલોજી ક્ષેત્રે કરાર

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત કૌશલ્યા - ધ સ્કીલ યુનિવર્સિટી દ્વારા ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે તાલીમ શિક્ષણની વ્યવસ્થાના ભાગરૂપે છઉજી એકેડેમી સાઉથ એશિયા, એમેઝોન ઈન્ટરનેટ સર્વિસીસ પ્રાઈવેટ લીમીટેડ (છૈંજીઁ) સાથે ક્લાઉડ ટેકનોલોજીના વિષય પર સૈદ્ધાંતિક કરાર (એમઓયુ) કરવામાં આવ્યા છે. રાજ્યના મુખ્ય સચિવ પંકજ કુમાર (આઈએએસ)ની ઉપસ્થિતિમાં યોજાયેલા આ વર્ચ્યુઅલ કાર્યક્રમમાં શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અગ્રસચિવ અને યુનિવર્સિટીના મહાનિયામક શ્રીમતિ અંજુ શર્મા (આઈએએસ) અને એમેઝોન વતી પ્રેસીડેન્ટ, દક્ષિણ એશિયા રાહુલ શર્મા ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે રાહુલ શર્મા દ્વારા ક્લાઉડ કોમ્પ્યુટોંગ, મશીન લર્નિંગ, ડેટા એનાલીટીક્સ જેવા ક્ષેત્રોમાં કુશળ માનવબળ તૈયાર કરવા સંપૂર્ણ સહયોગ આપવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. અગ્ર સચિવ શ્રીમતિ અંજુ શર્મા (આઈએએસ)એ કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવનાર કોર્સીસ વિષે પ્રાથમિક જાણકારી આપતા જણાવ્યું કે આ એમઓયુ થકી રાજ્યના યુવાનોને ક્લાઉડ કોમ્પ્યુટીંગ ઉપરાંત મશીન લર્નિંગ, ડેટા એનાલીટીક્સ, ક્લાઉડ આર્કીકટીંગ જેવા ઉભરી રહેલા ક્ષેત્રોની યુવાનોને તાલીમ ઉપલબ્ધ બનશે.

રાજ્યના મુખ્ય સચિવ દ્વારા જણાવવામાં આવ્યું કે આઈટી ક્ષેત્રમાં નવા કુશળ માનવબળને તૈયાર કરવામાં આ સહયોગ ખુબજ ઉપયોગી નીવડશે. કૌશલ્યા યુનિવર્સિટી દ્વારા આશરે ૨૫૦૦૦થી વધુ યુવાનોને આ કોર્સીસનો લાભ આપવામાં આવશે.

કૌશલ્યા યુનિવર્સિટીના રજીસ્ટ્રાર એચ.આર. સુથાર, આઈએએસ(આરટીડી) દ્વારા આ પ્રસંગે ઉપસ્થિત સહુનો આભાર માની યુનિવર્સિટીના આ ક્ષેત્રના વૈશ્વિક સંસ્થા સાથેનું પ્રથમ એમઓયુ ખુબજ ફળદાયી નીવડશે તેવી આશા વ્યક્ત કરી હતી.



**સાદરા સંકુલમાં આઝાદીના સંભારણાં માટે ગીત ગૂંજન કાર્યક્રમ યોજાયો**

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના સંયોજક રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન હેઠળ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આઝાદીનાં સંભારણાં ગીત ગૂંજન દ્વારા કાર્યક્રમ યોજાયો, જેમાં સંકુલના પ્રાધ્યાપક બળદેવભાઈ મોરી અને સંગીતકાર જગદીશ પરીખના કંઠે શૌર્યગીતો, બલીદાન અને રાષ્ટ્રભક્તિને યાદ અપાવતા ગીતો ગાઈ સભાખંડના શ્રોતાઓને ભાવ વિભોર કર્યા હતા. આભારદર્શન ડૉ. મોતી દેવુએ કર્યુ હતુ અને કાર્યક્રમની રૂપરેખા ઈન્ચાર્જ સંયોજક ડૉ. રાજેન્દ્ર જોષીએ આપી હતી.

## ગ્રીષ્માના હત્યારા ફેનિલને હોસ્પિટલમાંથી રજા મળી

સુરત, તા.૧૫

સુરતમાં ગ્રીષ્મા વેકરીયાની એકતરફી પ્રેમમાં ફેનિલ ગોયાણીએ જાહેરમાં છરીના ઘા ઝીંકી હત્યા કરી હતી. આ ઘટનાના પડઘા રાજ્યમાં પડ્યા છે. આ ઘટના બાદ ઈજાગ્રસ્ત ફેનિલને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હવે હોસ્પિટલમાંથી હત્યારા ફેનિલને રજા મળતા પોલીસે તેનો કબજો મેળવ્યો છે. સ્મીમેર હોસ્પિટલમાંથી રજા મળતા કામરેજ પોલીસે આરોપીનો કબજો મેળવી લીધો છે. કામરેજ પોલીસ હવે ફેનિલની ધરપકડ કરવા માટે આગળ કાર્યવાહી કરશે. આરોપીની ધરપકડ કરી કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવશે.

સુરતના કામરેજ વિસ્તારમાં ૧૨ ફેબ્રુઆરીએ ફેનિલે હથિયાર સાથે ગ્રીષ્માના ઘરની બહાર તોફાન મચાવ્યું હતું. ત્યારબાદ તેણે યુવતીને પકડી લીધી હતી. તેણે છરી બતાવી લોકોને નજીક ન આવવાનું કહ્યું હતું. એકતરફી પ્રેમમાં બદલો લેવા માટે ફેનિલે ગ્રીષ્માનું ગળું કાપી જાહેરમાં હત્યા કરી દીધી હતી. મહત્વનું છે કે હત્યારો ફેનિલ ઘણા દિવસથી યુવતીનો પીછો કરી રહ્યો હતો. ત્યારબાદ યુવતીના મોટા પિતા દ્વારા તેને ઠપકો પણ આપવામાં આવ્યો હતો. ગ્રીષ્માની હત્યા કર્યા બાદ પણ ફેનિલ શાંત રહ્યો નહીં. તેણે પોલીસ પર પણ હુમલાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ પોતે ઝેરી ગોળી ખાધી હતી.

### મિલન યોજાયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્યના જીવદયા તીર્થો છે. રાજ્યના લગભગ દરેક જિલ્લામાં અને મોટા ભાગના તાલુકામાં રાજ્યની ૨૫૦થી વધુ પાંજરાપોળો પથરાયેલી છે. આ દરેક પાંજરાપોળો ૧૦૦ થી ૧૮૦ વર્ષ જૂની સંસ્થાઓ છે જે જાન રેડીને પાંગળા પશુઓનું સ્વજન બની રહ્યું છે. તેમને હવે મજબૂત આર્થિક ટેકાની જરૂર છે. રાજ્ય સરકાર ચાલુ વર્ષે જો દૈનિક પશુદીઠ રૂપિયા ૫૦ની સબસિડીની જોગવાઈ કાયમી ધોરણે કરાશે તો તે પાંજરાપોળોને પ્રાણવાયુની ગરજ સારશે." જૈનાચાર્યોના મતે "રાજ્ય સરકારની આ એક જાહેરાતથી સરકારની ત્રણ નીતિઓ પાર પાડે જેમાં રાજ્યના રખડતાં પશુઓને સાચવવાની વ્યવસ્થા પણ થઈ શકે, રાજ્યના ગૌવંશહત્યાબંદીના કાયદાના આધારે જીવતા પશુની વ્યવસ્થા થાય અને પ્રાકૃતિક ખેતીના સરકારી કાર્યક્રમ માટે જરૂરી છાણિયા - ખાતરનો પુરવઠો મળતો રહે". મુખ્યમંત્રીએ તેમની વાતને શાંતિથી સાંભળી તે અંગે સકારાત્મક નિર્ણય કરવાની ખાત્રી આપી હતી.

### સોંપી દેવાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યુ છે. જયારે કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ શહેરના રંગમંચોની સાથે લગ્નવાડીઓ પણ હવે કોર્પોરેશનને સોંપી દેવા માટે તબક્કવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તેવી જ રીતે ઓપન એર થિયેટર પણ કોર્પોરેશનને સોંપી દેવામાં આવશે હાલ ઓપન એર થિયેટરનુ સંચાલન પાટનગર યોજના ભવન હસ્તક છે. જયારે હવે ટુંકમાં જ સેકટરોની અન્ય લગ્નવાડી તેમજ થિયેટર કોર્પોરેશનને સોંપી દેવાશે. ત્યારે લાંબા સમયથી બિન ઉપયોગી થિયેટરના સ્થાને કોર્પોરેશન કક્ષાએથી કોઈ નવો પ્રોજેકટ વિચારવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે.

### કોંગ્રેસની રજૂઆત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સફાઈવેરો રૂ. ૧૮૫ થી ઘટાડીને રૂ. ૧૦૦ કરવામાં આવે તેમ સૂચવ્યુ છે.

તેમણે જણાવ્યુ હતુ કે આવા મકાનો સામાન્યતઃ મધ્યમવર્ગના લોકોના છે. તેમણે કહ્યુ છે કે વધુ ટેક્ષ ચુકવી તે પણ નાગરિકોને યોગ્ય સેવાઓ મળી રહી નથી તેવો સ્પષ્ટ મત નાગરિકોનો છે અને આ સૂચનો નગરજનો તરફથી જ તેમને મળ્યા છે તેનો સ્વીકાર કરવામાં આવે.

મનપાની સામાન્ય સભા ૧૯મી ફેબ્રુઆરીએ મળનાર છે ત્યારે જો આ દરખાસ્તો સત્તાધીશો દ્વારા સ્વીકૃત્તિ અપાશે તો ચર્ચામાં આવશે.

### વિલંબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ દરમિયાન ગાંધીનગર ડેપોએ જુની અને ખખડધજ ૨૦ જેટલી બસો સ્ક્રેપ કરી નિકાલ કરી દીધો હતો. એકબાજુ એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવાની યોજના પણ સાકાર થતી નથી જેના લીધે એસ ટી ડેપોમાં મુસાફરલક્ષી સુવિધાઓનો અભાવ વર્તાય છે. જયારે મુસાફરોની સલામતીના નામે પણ મીંડુ ચિતરાયેલુ છે. જયારે એસ ટી માં નવી બસો ફાળવવામાં પણ વિલંબ થઈ રહ્યો છે. હાલની સ્થિતિએ ડેપો સંકુલમાં ૮૪ બસોનુ સંચાલન કરવામાં આવી રહ્યુ છે. નવી બસો ફાળવવામાં આવે તો અન્ય રૂટમાં જરૂર મુજબ બસ સેવાના વધારાના રૂટ પણ ગોઠવી શકાય તેમ મનાઈ રહ્યુ છે.

### ૧ વર્ષની કેદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાઉન્સ થઈ ગયો હતો. વર્ષ ૨૦૧૭માં બાફનાને જાણ થઈ હતી કે, આ જમીન ત્રીજી પાર્ટીને વેચી દેવાઈ છે અને એ મામલે પાલઘર કોર્ટમાં ફરિયાદ કરાઈ હતી. ૨૦૧૯માં બંને પક્ષો સમાધાન પર આવ્યા હતા અને ગાવિતે ૨.૫ કરોડ રૂપિયા બાફનાને આપવાની સંમતિ દર્શાવી હતી. તેમણે જણાવ્યું કે, ૧ કરોડનો ચેક ક્લિયર થઈ ગયો હતો, જ્યારે ૨૫ લાખ રૂપિયાના ૬ ચેક ((કુલ ૧.૫ કરોડ રૂપિયાના) બાઉન્સ થયા હતા. તે પછી બાફનાએ ૨૦૨૦માં ફરિયાદ કરી હતી.

ગાવિદે કોર્ટે જણાવ્યું હતું કે, તેમને સમાધાન માટે દબાણ કરાયું હતું, પરંતુ ગુપ્તાની દલીલ હતી કે, તે (ગામિત)) કાયદો ઘડનારા છે અને તેમને રૂપિયા આપવા માટે દબાણ કરી શકાય તેમ ન હતું.

ગાવિત મહારાષ્ટ્રમાં અગાઉની કોંગ્રેસ-રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સરકારમાં આદિવાસી વિકાસ મંત્રી રહી ચૂક્યા છે. તો, ૨૦૧૮માં પાલઘર લોકસભા સીટ પર પેટાચૂંટણી પહેલા ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ ગયા હતા અને ચૂંટણી જીતી ગયા હતા. પાલઘરથી ફરીથી ચૂંટણી લડવા માટે તેઓ ૨૦૧૯માં શિવસેનામાં સામેલ થઈ ગયા હતા.

# હવે ધોરાજીમાં યુવકે પ્રેમીકા પર કર્યો જીવલેણ હુમલો

ઉપલેટા, તા.૧૫

સુરતમાં એકતરફી પ્રેમમાં એક યુવકે ગ્રીષ્મા નામની યુવતીની જાહેરમાં છરીથી હુમલો કરી હત્યા કરી નાખી હતી. આ ઘટના ગુજરાતભરમાં ચર્ચાનો વિષય બની છે. ત્યારે ધોરાજીમાં પણ પ્રેમીએ મહિલા પર હુમલો કરી જાનથી મારવાનો પ્રયાસ કરતી ઘટના સામે આવી છે. અહીં પ્રેમીએ મહિલા પર હુમલો કરી નાક અને વાળ કાપી હત્યાનો પ્રયાસ કર્યો છે. પ્રેમી પેટમાં છરી મારે તે રોકવા માટે મહિલાએ પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન તેના હાથમાં છરી લાગતા લોહીનો ઢગલો થયો હતો. આ મહિલાને સારવાર માટે જૂનાગઢ બાદ રાજકોટ ખસેડવામાં આવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ધોરાજી શહેરમાં આવેલી આંબાવાડી કોલોનીમાં રહેતી ફરજાબેન સીતારભાઈ માલવિયા નામની મહિલા પર રાજકોટ રહેતા સુલતાન ઉર્ફે ટીપુ જનમામદભાઈ જુણેજા નામના પ્રેમીએ હુમલો કર્યો હતો. પતિ સાથે છુટાછેડા બાદ મહિલા એક વર્ષ પહેલાં પ્રેમી સુલતાન સાથે રાજકોટમાં રહેતી હતી. ત્યારબાદ પોતાના માતાના ઘરે ધોરાજી પરત ફરી હતી. ત્યારબાદ સુલતાને ફરજાનાને રાજકોટ આવવા માટે દબાણ કર્યું હતું. પરંતુ તે ન આવતા સુલતાન ધોરાજી પહોંચ્યો અને હુમલો કર્યો હતો. ગુસ્સા સાથે ધોરાજી પહોંચેલા સુલતાને ફરજાનાનું ગળુ દબાવી હત્યાનો પ્રયાસ કર્યો હતો. સુલતાનના હુમલા દરમિયાન ફરજાનાના હાથમાં ઈજા થઈ છે. પ્રેમીકા પર હુમલો કરી સુલતાન અને તેનો મિત્ર ભાગી ગયા હતા.